ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ભારેખમ ૨૦૧૩ને અલવિદા

ગાંધીનગર શહેર-જિલ્લા માટે ૨૦૧૩નું વર્ષ ભારેખમ રહ્યું ચોરી-લુંટ અને આગના બનાવો ઉપરાંત હત્યાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો. અપહરણની ઘટનાઓ પ્રથમ વખત ગાંધીનગરને આભડી ગઈ. નગરના અગ્રણીઓ હિતેન બારોટ (ઈન્ફોસીટી) અને નીલમબેન કામદાર (નારી સંરક્ષણ ગૃહ)ને ૨૦૧૩નું વર્ષ આપણી વચ્ચેથી લઈ ગયું. વાયબ્રન્ટ સમિટ, સ્વર્ણિમ પાર્ક, સ્વર્ણિમ સંકુલનું ઉદઘાટન ગાંધીનગરને ચમકાવી ગયું. ભારે ચિંતા મુકીને ૨૦૧૩નું વર્ષ વિદાય લઈ રહ્યું છે.

જાન્યુઆરી

● તા. ૪ : વાયબ્રન્ટ સમિટ અંતર્ગત ઉભા કરાયેલા એકઝીબીશનમાં આગ

● તા. ૮ : ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટનો પ્રારંભ

● તા. ૧૦ : ગિફટ સિટીના પ્રથમ ટાવરનું લોકાર્પણ

● તા. ૧૬ : સે-૨૮ પાસે પેથાપુરની યુવતીનું કારની ટકકરથી મોત

● તા. ૧૮ : સીએનજીના ભાવ વધારા મામલે ગાંધીનગરમાં રીક્ષા હડતાલ

● તા. ૨૦ : ઈન્ફોસીટી સુપર મોલમાં ભેદી ધડાકો : પાંચને ઈજા



● તા. ૨૪ : વ્યાજના રૂપિયા મામલે સે-૧ ૩ના યુવાનનું અપહરણ

ફેબ્રુઆરી

● તા. ૧૬ : ગાંધીનગરમાં મહા માસમાં મહા માવઠું



● સર્વ સાક્ષરતા અભિયાન નામે ૧.૦૩ કરોડનું કૌભાંડ ઝડપાયું

● તા. ૨૨ : ગાંધીનગરના પૂર્વ ડીએસપી જી.એલ. સિંઘલની ધરપકડ

● તા. ૨૩ : ડૉ. વિવેક ભાવેના પત્નીની ધોળા દિવસે કરપીણ હત્યા



● તા. ૨૪ : ઈન્ડિયા ટુડે બેસ્ટ સિટી એવોર્ડમાં ગાંધીનગરને ક્રાઈમ અને સેફટી શ્રેણીમાં એવોર્ડ

● તા. ૨૮ : કલેકટર કચેરીના નાયબ મામલદાર વિનોદ તન્ના

એસીબીની ટ્રેપમાં ઝડપાતા ફટાકડા ફુટયા

માર્ચ

● તા. ૫ : ગાંધીનગર આસપાસ ત્રણ માર્ગ અકસ્માતોમાં ૪૫ મુસાફરો ઘાયલ : ૧નું મોત

● તા. ૧૬ : સે-૨૦માં સિવિલ ડિફેન્સના ડે. સેક્રેટરીના બંગલામાં



રહસ્યમય આગ

● તા. ૨૦ : ચ-૩ પાસે એકાએક એસ.ટી. બસમાં આગ-કોઈ જાનહાની નહીં

● તા. ૨૫ : સે-૩માં ગટર સફાઈ કામદારનું ગુંગળામણથી મોત

● તા. ૨૬ : ગાંધીનગરમાં ૩૦ લાખની લાંચ લેતા ઈન્કમટેક્ષના જોઈન્ટ કમિશનર ભારતી ઝડપાયા

એપ્રિલ

● તા. ૧ : સેન્ટ્રલ આઈબીની ચેતવણીને પગલે ગાંધીનગરમાં ઝેડ

પ્લસ સુરક્ષા સમકક્ષ બંદોબસ્ત

● તા. ૨ : વિધાનસભા ઘેરાવ કાર્યક્રમમાં કોંગી નેતાઓની ધરપકડ



● તા. ૧૫ : નવનિર્મિત સ્વર્ણિમ સંકુલનું ઉદઘાટન

● તા. ૨૭ : રાષ્ટ્રીય શાળાકીય વોલીબોલ સ્પર્ધામાં ગુજરાતની મહિલા

ટીમ વિજેતા

મે

● તા. ૧ : પૂર્વ મંત્રી ફકીરભાઈ વાઘેલાનું હૃદયરોગના હુમલામાં નિધન

● તા. ૮ : ઈન્ફોસિટીના એકઝીકયુટીવ ડાયરેકટર હિતેનભાઈ બારોટનું દુઃખદ અવસાન

● તા. ૧૮ : મનપાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પદે આશિષ દવે

● તા. ૨૧ : ગાંધીનગરના ડેપ્યુટી મેયર પદે સુભાષ પાંડવની નિમણુંક

● તા. ૨૫ : ગાંધીનગરના જાણીતા

મહિલા અગ્રણી નિલમબેન કામદારનું અવસાન



● તા. ૩૧ : સચિવાલય ગેટ નં.૭ પાસે એસઆરપી જવાનનું ગોળી વાગી જવાથી મોત

જુન

● તા. ૩ : ગાંધીનગરના જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ રમેશભાઈ પુજારાના દિકરાનું ન્યુ ગાંધીનગરમાંથી અપહરણ

● તા. ૪ : ચાર્ટડ એકાઉન્ટન્ટના દિકરાના અપહરણ મામલે ત્રણની ધરપકડ

● તા. ૯ : રૂ. ૨૫.૯૦ લાખનો ચોરીનો માલ સે-૧૫ના ભંગારના ગોડાઉનમાંથી પકડાયો

● તા. ૧૬ : ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટમાં ઈ-લાયબ્રેરીનો પ્રારંભ

● તા. ૧૯ : બેચરાજી 'સર' મામલે હજ્જારો ખેડૂતોની ગાંધીનગરમાં વિશાળ રેલી

● તા. ૨૦ : ગાંધીનગરના યાત્રિક ધીરુભાઈ પટેલનું કેદારનાથમાં મૃત્યુ

● તા. ૨૩ : કેદારનાથની યાત્રાએ ગયેલા જય અંબે પરિવારના ૨૬

સભ્યો કુદરતી હોનારતમાંથી બચીને પરત ગાંધીનગર આવ્યા

● તા. ૩૦ : અકસ્માત બાદ પેથાપુર ચાર રસ્તા પર ટોળુ ઉશ્કેરાયું : વાહનોમાં તોડફોડ

જુલાઈ

● તા. ૨ : ઓન લાઈન મહિલા હેલ્પ લાઈનનો પ્રારંભ કરાયો

● તા. ૪ : ગાંધીનગરની અવની મોદીને ગ્લેમર એવોર્ડ

● તા. ૧૨ : પેથાપુર વોટર વર્કસનું વીજ કનેકશન કપાયું

● તા. ૧૨ : શેરથામાં પ્રથમ ટીસ્યુ કલ્ચર લેબની સ્થાપના

● તા. ૧૪ : કલ્ચરલ સ્કુલ ઓફ એકટીંગનો શુભારંભ

● તા. ૧૯ : સે-૧૫ કોલેજના દરવાજેથી વિદ્યાર્થીનીનું અપહરણ

● તા. ૨૬ : જિલ્લા પંચાયતના પ્રમુખપદે હિના પટેલની તાજપોશી

ઓગષ્ટ

● તા. ૪ : ગાંધીનગરમાં ભારે વરસાદથી ત્રીસ વૃક્ષો ધરાશાયી

● તા. ૧૩ : ગાંધીનગરનો તેજસ્વી વિદ્યાર્થી કૈઝર મેહબૂબ ઘોરી નાસાની સ્પર્ધામાં ઝળહળ્યો

● તા. ૧૪ : સે-૫માં સીએનજી પંપમાં ધડાકો-ત્રણ કર્મીઓ દાઝયા

● તા. ૧૯ : શહેરમાં ડેન્ગ્યુથી એકનું મોત

● તા. ૧૯ : ચિલોડામાં એટીએમ આગમાં ખાખ

● તા. ૨૭ : સે-૨૧માં ભર બપોરે કરપીણ હત્યા

● તા. ૨૮ : શાહપુર પાસે નદીમાં ન્હાવા પડેલા બે મિત્રો ડૂબ્યા

સપ્ટેમ્બર

● તા. ૪ : ઉદ્યોગભવનમાં અધિકારીના ત્રાસથી કલાર્કની આત્મહત્યા



● તા. ૫ : સીએનજીમાં ભાવવધારો

● તા. ૭ : કોગ્રેસના બંધને મિશ્ર પ્રતિસાદ

● તા. ૭ : જિલ્લા વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો

● તા. ૮ : નવરાત્રીમાં ગરબા માટે જગ્યા ફાળવવા પ્રથમવાર ડ્રો

● તા. ૯ : સે-૬ ડબલ મર્ડર કેસનો ફરાર આરોપી આમીન મન્સુરી ઝડપાયો

● તા. ૧૦ : વિધાનસભાના જી-સ્વાનરૂમમાં પુનઃ આગ ભભૂકી

● તા. ૧૦ : કડી કેમ્પસની સી.એમ. પટેલ હાઈસ્કૂલના આચાર્ય બચુભાઈ પટેલને એકલવ્ય એવોર્ડ

● તા. ૧૨ : પ્રેસ સર્કલ પાસે પત્નિએ પતિની હત્યા કરી

● તા. ૧૨ : ગાંધીનગરના દ્રોણ ત્રિવેદીને રાષ્ટ્રપતિ એવોર્ડ

● તા. ૨૧ : ભાદરવામાં ગરમીએ સાત વર્ષનો રેકોર્ડ તોડયો

● તા. ૨૪ : ગાંધીનગરમાં બે કલાકમાં બે ઈંચ વરસાદ

● તા. ૨૬ : પેથાપુર નગરપાલિકામાં કેસરિયો લહેરાયો

ઓક્ટોબર

● તા. ૩ : ગાંધીનગરમાં ભવ્ય

સાયકલ યાત્રા યોજાઈ

● તા. ૩ : જિલ્લામાં અતિવૃષ્ટિથી ૬૦ કરોડનું નુકશાન

● તા. ૪ : સે-૧૩માં ૪૨ સરકારી આવાસો તોડવાનો પ્રારંભ

● તા. ૫ : નવરાત્રી મહોત્સવમાં વરસાદનું વિઘ્ન

● તા. ૭ : સે-૨૧માં અદ્યતન જીમખાનાનો શુભારંભ

● તા. ૧૦ : મધર ડેરીમાં સ્લેબ તુટી પડતા એકનું મોત

● તા. ૧૫ : બળાત્કારના આરોપી આશારામને ગાંધીનગરની કોર્ટમાં રજુ કરાયા

● તા. ૧૮ : જિલ્લામાં ૩૨ હજાર નવા મતદારો નોંધાયા

● તા. ૧૮ : નીફટનો વિદ્યાર્થી સાબરમતીમાં ડૂબ્યો

● તા. ૨૧ : ગાંધીનગરના કવિ હરિકૃષ્ણ પાઠકને નરસિંહ મહેતા એવોર્ડ એનાયત

● તા. ૨૫ : સચિવાલયમાં મોડી રાત્રે આગ

● તા. ૨૬ : શ્રેષ્ઠ તાલુકા પંચાયત તરીકે માણસાની પસંદગી

● તા. ૨૭ : સાયન્સ ટ્રેન ગાંધીનગરના મોટી આદરજ ગામે પહોંચી

● તા. ૨૮ : મધુર દૂધમાં રૂપિયા બેનો વધારો

નવેમ્બર

● તા. ૧ : મંત્રીમંડળનું વિસ્તરણ

● તા. ૨ : ગાંધીનગરમાં દિવાળીએ દીપડો દેખાયો

● તા. ૭ : ગાંધીનગરમાં ફટાકડા ફોડતા ૨૫ દાઝયા

● તા. ૧૫ : ગાંધીનગરની પારૂલ પરમારે પેરાબેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ત્રણ ચંદ્રકો જીત્યા

● તા. ૧૬ : ઉર્જા સંરક્ષણ બચત માટે ઉર્જા મિત્ર વાન ખુલ્લી મુકાઈ

● તા. ૧૭ : ગાંધીનગરમાં આત્યાધુનિક ટાટા ગરિમા પાર્કનું મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન

ડીસેમ્બર

● તા. ૩ : ગાંધીનગરની મુદ્રા શર્માને બેસ્ટ વોલિયેન્ટરનો નેશનલ એવોર્ડ

● તા. ૬ : જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદેથી ભીખીબેનનું રાજીનામું

● તા. ૮ : ગાંધીનગરની સ્કુલ બસે પલ્ટી ખાતા એક વિદ્યાર્થીનું કરૂણ મોત

● તા. ૧૦ : ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૩માં જિલ્લાનું ૯૯.૫૬ ટકા પરિણામ



● તા. ૧૧ : લવારપુર પાસે ગેસના બાટલા ભરેલી ટ્રક સળગી

● તા. ૧૨ : અડાલજનો સાત વર્ષીય નરેન્દ્ર અવાવરૂ કુવામાં પડી



જતા મોત

● તા. ૧૩ : ગાંધીનગરનો ઋત્વિક રાજયમાં પ્રથમ

● તા. ૧૬ : સ્વર્ણિમ પાર્કનો માર્ગ દોડવીરોથી ઉભરાયો (રન ફોર યુનિટી)

● તા. ૨૨ : ગાંધીનગર પોલીસની વેબ સાઈટ લોન્ચ કરાઈ

● તા. ૨૬ : ચિલોડાના તળાવમાં સ્કૂલ વાન ખાબકી, બાળકોનો બચાવ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેકસ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com